# GOVERNMENT ARTS COLLEGE, JHAGADIA

Developing Human with Humanity

**College Road, Ranipura - 393 110, Dist - Bharuch, Gujarat (India)**

Affiliated with Veer Narmad South Gujarat University, Surat.

** GSIRF & Accredited by NAAC

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

# CERTIFICATE

This is to certify that Prof./Dr./Shri./Mrs. Jeetendrakumar Thakorbhai Mehta

of

Gujarat Vidyapith, Ahmedabad

has participated in the

***12th One Day National Seminar on "Literature and Society"***

organized by Government Arts College, Jhagadia on ***14th October, 2023***

***She / He has presented a paper on***

આદિવાસીઓને વિકાસશીલ બનાવવામાં સર્વયોજનાની ભૂમિકા

Reg. No/2023/1202

**Dr. Vishalkumar J. Parmar**
Seminar Co-ordinator

GOVERNMENT ARTS COLLEGE * Ranipura Jhagadia, Dist. Bharuch *

**Dr. Jayesh G. Poojara**
Principal (GES- Class - I) &
Seminar Director

# આદિવાસીઓને વિકાસશીલ બનાવવામાં કાર્ય યોજનાની ભૂમિકા


**દ્વારા:**

**સંશોધક:**

*જીતેન્દ્ર ટી. મહેતા- પીએચ. ડી. રિસર્ચ સ્કોલર*

*અને*

**પ્રોફેસર અને માર્ગદર્શક:**

*ડૉ.સતીષ પટેલ*

**ગ્રામ વ્યવસ્થાપન અધ્યયન કેન્દ્ર**

**ફેકલ્ટી ઓફ મેનેજમેન્ટ એન્ડ ટેક્નોલોજી**

ગૂજરાત વિદ્યાપીઠ, રાંધેજા- ગાંધીનગર- ૩૮૨ ૬૨૦.

## ૧. સારાંશ:

આદિવાસીઓના વિકાસમાં કાર્યયોજનાની ભૂમિકા ખૂબ જ મહત્વની છે. આઝાદી પછી આદિવાસી વિસ્તારોમાં આર્થિક વિકાસ થાય તે માટે સરકારે વિશેષ પ્રયાસો કર્યા છે. આદિવાસી વિકાસ કાર્યક્રમ માટે ખાસ વહીવટીય વ્યવસ્થાની રચના કરવામાં આવી છે જેને "આદિવાસી વહીવટીય પ્રાયોજના" કહેવામાં આવે છે. ભારતના બંધારણમાં દર્શાવ્યા મુજબ ગુજરાત રાજ્યમાં આદિવાસી લોકોના સામાજિક, આર્થિક તેમજ શૈક્ષણિક વિકાસ માટે સુવ્યવસ્થિત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આદિજાતિ પેટા યોજના, ગુજરાત પેટર્ન, ગુજરાત આદિજાતિ વિકાસ નિગમ દ્વારા આદિજાતિ લાભાર્થીઓને નાણાકીય ધિરાણ સહાય મંજૂર કરવામાં આવે છે. જેના લીધે આદિવાસીઓને વિકાસની ગતિ મળી છે.

## ૨. આદિવાસી વિકાસની રૂપરેખા:

ગુજરાતની અનુસૂચિત જનજાતિની યાદીમાં એકંદરે ૨૫ આદિવાસી સમુદાયોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ રાજ્યમાં વિવિધ આદિવાસી જૂથોની વસ્તી ૯૦ લાખની પાસે પહોંચવામાં આવી છે. આદિવાસીઓને ત્રણ કક્ષામાં વર્ગીકૃત કરવામાં આવ્યા છે.

૧) આદિવાસી કેન્દ્રિત વિસ્તારમાં વસતા

૨) આદ્ય/આદિમ જાતિઓ અને

૩) છુટા છવાયા આદિવાસી વસવાટ વાળા વિસ્તારોમાં વસતા આદિવાસીઓ

આ રાજ્યના મુખ્ય આદિવાસી સમૂહોના સમગ્ર આદિવાસી પૂર્વ પટ્ટાના ઉત્તર, મધ્ય અને દક્ષિણ એમ ત્રણ વિભાગ પાડવામાં આવ્યા છે. ઉત્તર વિભાગમાં મુખ્યત્વે વિજયનગર, ભિલોડા, ખેડબ્રહ્મા, મેઘરજ, દાંતા અને અમીરગઢ તાલુકા આવેલા છે. મધ્ય વિભાગના પટ્ટામાં પંચમહાલ, દાહોદ અને વડોદરા જિલ્લાઓના આદિવાસી તાલુકા આવેલા છે. દક્ષિણ વિભાગમાં નર્મદા, ભરૂચ, સુરત, તાપી, નવસારી, વલસાડ અને ડાંગ એમ સાત જીલ્લાઓમાં પથરાયેલો વિશાળ આદિવાસી વિસ્તાર છે.

આદિવાસી વિસ્તારના તમામ તાલુકાઓ ઔદ્યોગિક રીતે પછાત છે. પછાત વિસ્તારોમાં ઔદ્યોગિક એકમો સ્થાપવા માટે રાહતો આપવામાં આવી હોવા છતાં આ પટ્ટામાં બહુ જ ઓછા ઔદ્યોગિક એકમો સ્થપાયા છે અને તે પણ વિસ્તાર બહારના બિન આદિવાસી ઉદ્યોગપતિઓ દ્વારા જ સ્થાપવામાં આવ્યા છે. આદિવાસીઓના વિકાસ માટે તેમની આર્થિક, સામાજિક, સંસ્કૃતિક, શૈક્ષણિક, કેળવણી, રોજગારી વગેરે પાસાને ધ્યાનમાં લેતા નીચેની બાબતે સરકારે યોજના વિચારી શકાય.

અ) આદિવાસી અને બિન આદિવાસી વિસ્તારોમાં વિકાસની તકોનો ગેપ ન હોવો જોઈએ.

બ) આદિવાસી વિસ્તારમાં શિક્ષણ વધારવું જોઈએ. શાળા, કોલેજો વધારવી જોઈએ.

ક) ઉધોગો સ્થાપવા માટે પ્રોત્સાહિત કરવા જોઈએ.

ડ) વિસ્તારને અનુરૂપ ગૃહઉદ્યોગો શરુ કરવા જોઈએ.

ઈ) રોજગારી અને શૈક્ષણિક તકો વધે તે માટે યોજના ઘડવી જોઈએ.

### ૩. સમસ્યાઓ:

આદિવાસીઓ પૂરેપૂરા નાગરિક બન્યા છે. સાથે સાથે પોતાની આગવી ઓળખ જાળવી રાખી છે. આદિવાસીના વિસ્તાર પૈકી એક નાનકડા વિભાગને જ વિકાસના કાર્યક્રમોનો લાભ આપી શક્યા છે. આદિવાસી એક વિસ્તારમાંથી બીજા વિસ્તારમાં મજુરી અર્થે અમુક ઋતુમાં જાય છે. સ્થળાંતર ના કારણે તેઓ લાભથી વંચિત રહ્યા છે. અમુક વિસ્તારમાં બંધો બાંધવા ના કારણે જમીનો અને નિવાસો ગુમાવવા પડયા છે. આ પરિસ્થિતિએ આદિવાસી સમસ્યાની મૂળભૂત ધારણાઓ અંગે ફેર વિચારણા કરવી જરૂરી છે. આદિવાસી અને બિન આદિવાસીની તુલના કરવામાં આવે તો આદિવાસી દરેક ક્ષેત્રે પછાત રહ્યા છે. બિન આદિવાસીઓનો હસ્તક્ષેપ ગરીબી, ભુમિ વિમુખતા અને ઋતુગત સ્થળાંતર જેવી સમસ્યાઓ સર્જે છે.

ઐતિહાસિક દ્રષ્ટિએ જોઈએ તો, આદિવાસી અને બિન આદિવાસીઓ વચ્ચે સબંધ રહ્યા છે. રાજપુતોએ ભીલોને હરાવી રાજ્ય મેળવ્યા હતાં. ભીલોએ ડુંગરાળ વિસ્તારમાં નાસી જવું પડ્યું. મોગલ કાળમાં પણ આજ પરિસ્થિતિ જોવા મળી. બારિયા, નસવાડી, છોટાઉદેપુર, રાજપીપળા, વાંસદા અને ધરમપુર ના રાજ્યોની પણ આદિવાસી વિસ્તારમાં આ જ પરિસ્થિતિ રહી. લગભગ બધા જ વિસ્તારોમાં ભીલ સરદારોએ હારીને સ્થળાંતર કર્યું અને જંગલના ઊંડાણના વિસ્તારમાં જઈ વસ્યા.બ્રિટીશ અને ગાયકવાડી પ્રદેશમાં પણ ભીલ સરદાર પાસે જેનું રાજ જીતી ત્યાં કિલ્લો બાંધી દીધો. દા.ત. સોનગઢ. આદિવાસી પ્રદેશમાં રાજ્યો સ્થાપાયા હતા પરંતુ ઊંડાણના ગામોમાં રાજ્યો દ્વારા વહીવટ સારી રીતે થતો ન હતો. બિન આદિવાસીઓ જમીનદારો બન્યા અને આદિવાસી જમીન વિહોણા મજુર બન્યા. ગુજરાતમાં કેટલાક ભાગોમાં મિશ્ર વસ્તી ના કારણે માલિક-નોકરના સંબંધ વિકાસ પામ્યા.

વિકાસ અર્થે નહેર કે બંધ બનાવ્યા ત્યારે આદિવાસીઓ જ વિસ્થાપિત થયા. જમીન ગુમાવનાર આદિવાસી ને વળતર તરીકે રોકડ રકમ ચૂકવવામાં આવી. જેનાથી અન્ય સ્થળે જમીન લઇ શકે. પરંતુ તે શક્ય ન બન્યું અને હજારોની સંખ્યામાં આવી વિકાસ યોજનામાં આદિવાસી જમીનવિહોણા બન્યા. તેવી જ  રીતે જંગલના હક્કો પણ છીનવાઈ ગયા. આદિવાસીઓ અને બિન આદિવાસીઓ સદીઓથી પાસે પાસે જીવન જીવી રહ્યા છે. તેઓનો સંબંધ ક્યારેય સંપૂર્ણપણે કપાયો નથી.

વિકાસ શબ્દ નો અર્થ જ થાય છે કે, અંદર પડ્યું છે તેને બહાર લાવવું અને વિકસાવવું. એટલે આદિવાસીઓની ક્ષમતાને સમજવી પડશે અને પછી વિકસાવવી પડશે. આપણા બંધારણમાં આદિવાસીઓ માટે સંખ્યાબંધ જોગવાઈઓ કરવામાં આવી છે. કલમ-૨૪૪ સમાવતું સમગ્ર

પ્રકરણ અનુસુચિત અને આદિવાસી વિસ્તાર માટે ફાળવવામાં આવ્યુ છે. બંધારણમાં આ કલમની અનુગામી પાંચમી અનુસૂચિમાં અનુસુચિત વિસ્તારોનો વહીવટ અને નિયંત્રણ અંગેની જોગવાઈઓ નો સમાવેશ કરવામાં આવ્યો છે. અનુસુચિત વિસ્તારોના રાજ્યપાલોને આદિવાસી હિતમાં કામગીરી કરવા માટે અસાધારણ સત્તા આપવામાં આવી છે. આદિવાસીઓના વિકાસ માટે પંચવર્ષીય યોજનાઓ, આદિવાસી પેટા યોજનાઓ અમલ માં મુકવામાં આવી.

સંકલિત આદિજાતિ વિકાસ યોજનાઓનો હેતુ બહાર આવ્યો નથી. સંકલિત આદિવાસી વિકાસ યોજના ઘડવામાં સંસદ સભ્ય, ધારાસભ્ય, સ્થાનિક પ્રતિનીધીઓ વગેરેને સામેલ કરવા જોઈએ. જો કે, આદિવાસી વસ્તીવાળા વિસ્તારમાં વહીવટ સંભાળનાર સચિવ, કમિશ્નર હોય છે. જે રાજ્યના આદિવાસી વિસ્તારના વિકાસના કામોનો વહીવટ કરે છે. પરંતુ લાભાર્થીઓ સુધીનો સમન્વય સંતોષજનક ગણી શકાય નહિ. સંકલિત આદિજાતિ વિકાસનું આયોજન પ્રયોજનાના સ્તરેથી યોગ્ય પ્રમાણમાં થતું નથી. આદિવાસી રીત રીવાજો મુજબ વહીવટ થતો નથી.

## ૪. વિકાસ ક્ષેત્રો:

મોટા ભાગના આદિવાસીઓનો વિસ્તાર અલગ અલગ ક્ષેત્રોમાં વહેંચાયેલો છે.

અ) જમીન અને જંગલ વિસ્તાર

બ) શિક્ષણ

ક) સંસ્કૃતિ

ડ) ખેતી અને પ્રવૃત્તિઓ

ઈ) શ્રમ અને રોજગાર

**અ) જમીન અને જંગલ વિસ્તાર:**

મોટા ભાગના આદિવાસીઓ જંગલમાં વસે છે. મોટાભાગના વિસ્તારમાં આદિવાસીઓને જીવનજરૂરિયાતની વસ્તુઓ જેવી કે ઔષધી, ઘાસચારો, ખેડવાનું હળ વગેરે જંગલ માંથી મળી રહે છે. આ જંગલના સંસાધનો જ આર્થિક, સામાજિક, ધાર્મિક અને સાંસ્કૃતિક વ્યવસ્થા તંત્રના પાયામાં રહેલા છે. જમીન બાબતે પણ એવું જ કહી શકાય. હકીકતમાં આ બંને જમીન અને જંગલ સમસ્યાઓ એક સિક્કાની બે બાજુ છે.

બ્રિટીશ સરકારે જંગલના ઈમારતી લાકડાંને વિદેશના સંસ્થાનો માટે ચાલતાં યુદ્ધોના વહાણો બાંધવા માટે સ્રોત તરીકે ઉપયોગ કર્યો. જેના લીધે જંગલોનો નાશ થવા લાગ્યો. ઈ.સ. ૧૮૫૪ માં ભારતની ભૂમિનો ૪૦% ભાગ વૃક્ષોથી આચ્છાદિત હતો. ૧૯૫૨ માં જંગલનું પ્રમાણ

૨૨% જેટલું ઓછું થઇ ગયું. અને આજે આ દેશમાં વૃક્ષોના આચ્છાદનનો અંદાજ ૧૩% જેટલો જ મુકવામાં આવે છે. આયોજિત વિકાસે જંગલના રોજીંદી વપરાશની વસ્તુઓ તેમજ અન્ય વર્ગના લોકો માટે કાચો માલ તૈયાર કરી નફો કરવા લાગ્યા. પરંતુ જંગલ સંસાધનો નો વિકલ્પ આપ્યા વિના જીવન જીવવાની ફરજ પાડી. આમ, આધુનિકરણના લીધે તેમની સામાજીક, સાંસ્કૃતિક અને આર્થિક પરિસ્થિતિ બગડી. બ્રિટીશરો જંગલની રક્ષા માટે નહિ પણ લાકડાં કાપવા માટે નીતિ ઘડતા હતા.

ઈ.સ.૧૮૬૫, ૧૮૭૮, ૧૮૯૪, ૧૯૨૭ વગેરે વર્ષોમાં જંગલ અંગેના અલગ અલગ કાયદા અમલમાં આવ્યા હતા. ૧૯૭૬ માં કૃષિ અંગેનું રાષ્ટ્રીય કમીશને જંગલના વ્યાપારીકરણનું સમર્થન કર્યું અને જંગલ પેદાશો ઉપર આદિવાસીઓના હક્ક નિયમિત કરી આપવાની ભલામણ કરી. ૧લી જુન, ૧૯૯૦ ના રોજ પર્યાવરણ અને જંગલ મંત્રાલયે સંયુકત જંગલ વ્યવસ્થા દ્વારા ગ્રામ સમુદાયો અને સ્વૈચ્છિક સંગઠનોની સામેલગીરી બાબતે એક માર્ગદર્શિકા પ્રસિદ્ધ કરી. આજે મોટા ભાગના આદિવાસીઓને જંગલો સાથે ગાઢ સંબંધ રહ્યા નથી. જમીન એ આદિવાસીઓ માટે એક મોટો પ્રશ્ન છે. બ્રિટીશ રાજ પહેલાં આદિવાસી વિસ્તારમાં આધુનિક રાજ્ય હતું નહિ. પરંતુ આધુનિક રાજ્ય આવતાં જમીનના પ્રશ્નો ઉભા થયા છે. જેવા કે ,

**૧) જમીન વિમુખતા:**

બ્રિટીશરોએ ૧૯મી સદીના અંતમાં કોઈની પણ દરમિયાનગીરી વિના આદિવાસી વિસ્તારોમાં જમીન મહેસૂલ કાનૂન સંહિતા ની કલમ ૭૩ અનુસાર મોજણી કરી જમીન મહેસૂલ નિર્ધારિત કરવા પગલાં ભરવામાં આવ્યાં હતાં. પછાત વિસ્તારોમાં આવા લોકોની જમીનોની સલામતીની દ્રષ્ટીએ કલેકટરની પરવાનગી વગર જમીન તબદીલ કરવા પર પ્રતિબંધ મુકતી કલમ ૭૩-એ બ્રિટીશ સરકાર દ્વારા દાખલ કરવમાં આવી હતી. જોકે સરકારને સત્તા હતી.

**૨) ગણોતધારો:**

ઈ.સ. ૧૯૪૮ માં ગુજરાત રાજ્ય દ્વારા "બોમ્બે ગણોત અને ખેત જમીન ધારા" માં બે સુધારા કરવામાં આવ્યા હતાં. જે "ગુજરાત ગણોત- ખેડ હક ધારા- ૪" તરીકે ૯ માર્ચ, ૧૯૭૩ થી અમલમાં આવ્યો. અ) ગણોતિયો/ખેડૂત જો અનુસૂચિત જનજાતિ નો સભ્ય હોય તો જમીન માલિક આત્મખેડ કે બિનખેતી ઉપયોગ માટે કબ્જા હક કરી શકશે નહિ. બ) જમીન માલિકના હિતમાં ગણોત/કબ્જા હક ની સોંપણી રોકવામાં આવી. આવી તમામ સોંપણી ફક્ત રાજ્ય સરકાર જ કરી શકશે.

આદિવાસી ગણોતિયાને જમીન સબંધી પોતાના અધિકારોનું ઓછું જ્ઞાન તેમજ બિન આદિવાસી ની સરખામણીમાં સામાજિક અને આર્થિક પરીસ્થિતિ નબળી હોવાના લીધે બિન આદિવાસી જમીનદારોએ કાનૂની જોગવાઈઓનો ગેરલાભ ઉઠાવ્યો અને જમીનોની સોંપણી યેનકેન પ્રકારે પોતાને હસ્તક કરાવી લીધી.

**૩) ટોચ મર્યાદા:**

ઈ.સ. ૧૯૬૦ ના ટોચ મર્યાદાના કાયદામાં આવેલ જોગવાઈ મુજબ આદિવાસી વ્યક્તિ ને અન્ય લોકો કરતાં અધિશેષ જાહેર થયેલી જમીન ફાળવતી વખતે અગ્રીમતા આપવામાં આવશે. જો કે, જમીન ટોચ મર્યાદાની કાનૂની ચોકસાઈઓને થાપ આપીને પોતાની જમીન અધિશેષ જાહેર ન થઇ જાય તે માટે ચતુર જમીન માલિકો ચાલબાજી અપનાવતા હોય છે.

**૪) જમીન વિભાજન:**

સામાન્યરીતે ગામમાં આદિવાસીની જગ્યા અલગ અલગ જગ્યાએ વહેંચાયેલી હોય છે. જયારે ભાઈઓ વચ્ચે જમીનની વહેંચણી થાય ત્યારે અથવા સદગતના વારસદારોને જમીન વહેંચવાની થાય ત્યારે ટુકડા થાય છે તે લઘુતમ ધોરણ કરતા પણ નાના હોય છે. સરકારી દફતરે તો જમીનના દરેક ટુકડામાં સદગતના વારસદારોના નામ દર્શાવવામાં આવેલા હોય છે. જોકે આદિવાસી પૂર્વજના વારસદારો દ્વારા કરવામાં આવતી ખેતીમાં તો વિભાજીત ટુકડા જ અસ્તિત્વ ધરાવે છે.

**૫) ફરજીયાત સંપાદન:**

મોટા ભાગના સિંચાઈ યોજનાઓના સ્થાનો સામાન્ય રીતે ડુંગરાળ અને ખડકાળ આદિવાસી વિસ્તારોમાં આવેલા હોવાથી ત્યાંના આદિવાસીઓએ જમીન ગુમાવવી પડી. કેટલાય લોકો ઘરવિહોણા અને જમીનવિહોણા થઇ ગયા. અંશતઃ ઉકાઈ અને નર્મદા યોજના સિવાય જમીન સંપાદનોમાં પુનર્વસન થયું નથી.

**૬) જંગલ જમીન:**

વૃક્ષો કાપવા કે કોલસા પાડવા માટે જંગલખાતાની પરવાનગી પામેલા ઈમારતી લાકડાના ઠેકેદારોની સંખ્યા વધવાથી અને ઊંચા ભાવે પણ ઈમારતી લાકડાની માંગ વધી જવાથી આદિવાસીઓએ પણ ઊંચા ભાવથી વેપારીઓ અને અન્ય ને લાકડાં વેચવાનું ભાન ભૂલ્યા. સમય

જતા જંગલની જમીનો ખેડવાનો અને જંગલના ઝાડ કાપવાનો જે વર્ષોથી આદિવાસીઓનો અધિકાર હતો તેના પર પ્રતિબંધ મૂકાઈ ગયો.

**બ) શિક્ષણ:**

શિક્ષણ એ સમાજનું અગત્યનું પાસું છે. આદિવાસીઓના પ્રાથમિક શિક્ષણસ્તરનો વિકાસ વધ્યો છે પરંતુ તેની સામે વસ્તીનો દર પણ વધ્યો છે. પ્રાથમિક શિક્ષણ દરેક ગામમાં જોવા મળશે. જયારે માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ દરેક નજીકના વિસ્તારમાં પણ શક્ય બન્યું નથી. દા.ત. વિજ્ઞાનપ્રવાહની ઉચ્ચતર માધ્યમિક શાળાઓ વતનમાં કે વતન નજીક નહિ હોવાના કારણે ભણતર અટકી જાય છે. એટલે આદિવાસી યુવાનોને તેમના પોતાના વાતાવરણમાં જો તકો મળશે તો શિક્ષણમાં અવશ્ય વિકાસ થશે.

**ક) સંસ્કૃતિ**:

આદિવાસીઓ સંસાધનોથી સમૃદ્ધ પ્રદેશોમાં વસે છે. કોલસાની ખાણ, જંગલ, જળસ્ત્રોતો વગેરે તેમના વસવાટ વાળા પ્રદેશોમાં આવેલા છે. પરંતુ રાષ્ટ્રીય વિકાસના નામે જંગલોનો નાશ કરી આદિવાસીઓને આજીવિકાથી વંચિત રાખવામાં આવ્યા છે. જેના લીધે તેઓ ગરીબાઈમાં ધકેલાઈ જાય છે. તેમને ગરીબીમાં ધકેલ્યા પછી તેમને અનામત કે સંકલિત વિકાસ યોજના રૂપે રાહત અપાય છે. અન્ય ધર્મોએ નાણાકીય લાભો થી આદિવાસીઓને લલચાવ્યા જેથી ગરીબ આદિવાસી પોતાનો ધર્મ છોડી નવો ધર્મ અંગીકાર કરવા મજબૂર બન્યા. જો ધર્મ નાશ પામે તો સંસ્કૃતિએ પણ વેઠવાનું આવે જ. આદિવાસીઓના સામાજિક અને સંસ્કૃતિક વિકાસ માટે શિક્ષણપણ ખુબ જ મહત્વનું છે. આદિવાસીઓની એવી પણ એક માંગ છે કે, પ્રાથમિક શાળામાં શિક્ષણનું માધ્યમ આદિવાસી ભાષાઓમાં હોવું જોઈએ. વૈશ્વીકરણના લીધે આદિવાસી વિસ્તારમાં ઉદ્યોગો સ્થાપવામાં આવ્યા પરંતુ તેનો કોઈ લાભ આદિવાસી ને મળ્યો નહિ. ઉપરાંત, આદિવાસી વિસ્તારોમાં ૧૫૦૦ થી વધુ બિનસરકારી સંગઠનો છે જેમાં મોટા ભાગના બિન આદિવાસીઓના છે. જેના લીધે આદિવાસીઓને જરૂરી લાભ મળતો નથી.

**ડ) ખેતી અને સંબંધિત પ્રવૃત્તિઓ**:

વિકાસ કાર્યક્રમો દ્વારા ખેતીની પધ્ધતિમાં બદલાવ કરવામાં આવ્યો છે. કૃષિવિસ્તરણ અને પશુપાલન કાર્યક્રમો ને અગ્રીમતા આપી છે પણ આ કાર્યક્રમો બહુ ઊંડાણના વિસ્તાર સુધી પહોંચી શકતા નથી. બિન આદિવાસી ગુજરાત ની તુલનામાં આદિવાસી ગામોની ઉત્પાદકતા ઘણી ઓછી જોવા મળી છે. ખાતરોની પ્રણાલી આદિવાસીઓમાં બહુ ઓછી જણાય છે. ધોડિયા, તડવી અને

રાઠવાની તુલનામાં નાયકા, ભીલ અને હળપતિ અલગ અલગ પાકો લેવાની તરફ ઓછી બતાવે છે. વ્યાપારીકરણ એ એક સામાજિક પ્રક્રિયા છે. આમાં વચેટિયા આર્થિક રીતે શોષણ કરતા હોય છે. ઊંડાણના આદિવાસી વિસ્તારના લોકો પોતાના નિભાવ પૂરતી જ ખેતી કરતા હોય છે. બજાર સુધી હજી તેઓ પહોંચ્યા નથી. પરંતુ જે સિંચાઈ વાળા વિસ્તાર છે ત્યાંના આદિવાસીઓનો પાક બજારમાં વેચાણમાં જાય છે.

ગતિશીલ ગામોમાં નવીન તકો મળતા ઉત્પાદન વધ્યું છે. જેના પરિણામે ઘરના વ્યક્તિઓ પહોંચી ન શકતાં બહારથી મજુરો લાવવા પડે છે. જયારે ધિરાણની જરૂર પડે ત્યારે સંસ્થા કે સહકારી બેંકો કે ખાનગી જગ્યાએથી ધિરાણ મળી રહે છે. જો કે, નાનકડી રકમની ધિરાણનું કરજ તે પેઢીની ગુલામી નું કારણ બને છે. આદિવાસીઓનો ખોરાકનો પુરવઠો પૂરો થઇ જાય ત્યારે નાના વેપારીઓ ઉધાર કે લોન પેટે ધિરાણ કરતા હોય છે. ઊંડાણના આદિવાસી ગામોમાં સિંચાઈની વ્યવસ્થા હોતી નથી.

કેટલાક આદિવાસી ગામોમાં થોડા ખેડૂતો ભેગા મળીને સહકારી ધોરણે "સહકારી મંડળી" બનાવી પાણીનું વેચાણ કરે છે અને તેના દ્વારા સિંચાઈ કરવામાં આવે છે. આદિવાસીઓને સંગઠિત કરી ખેતીની આવક વધે એવી પ્રવૃત્તિ વિકસાવવી જોઈએ. આદિવાસીઓને ક્ષમતા નિર્માણ(કેપેસિટી બિલ્ડીંગ) એટલે અવલંબન પૂરી પડતી વ્યવસ્થા ઉભી કરવી. આદિવાસી સ્ત્રીઓને શક્તિશાળી બનાવવી જેથી વિકાસમાં પૂરો સહયોગ આપી શકે. સ્ત્રીઓ માટે અનામતની જોગવાઈ કરી હોવાથી તેમને શક્તિશાળી બનાવવી એ જરૂરી બની ગયું અને આ રીતે તેમની ક્ષમતાનું નિર્માણ થઇ શકશે.

**ઈ) શ્રમ અને રોજગારી:**

જીવનમાં વિકાસ થાય એટલે રોજગારી ઉભી થાય જ. સામાન્ય રીતે ખેતી અને બિન ખેતી ક્ષેત્રોમાં રોજગારીની તકો ઉભી થઇ છે. ખેતી ક્ષેત્રે એટલે કે શેરડી, ડાંગર, જુવાર, કાપણી, રોપણી, લણણી વગેરે. જયારે બિનખેતી માં કન્સ્ટ્રકશન કામ, સેન્ટીંગ, બાંધકામ વગેરે જગ્યાએ મજુરી મળી રહે છે. આદિવાસી સ્ત્રી અને પુરુષો બંને મજુરી કામ કરતા હોય છે. આદિવાસીઓમાં પણ ભીલ જાતિના લોકો સ્થળાંતર વધુ કરે છે. વસાવા, ધોડિયા, કુકણા, ચૌધરી વગેરેમાં સ્થળાંતર એકદમ ઓછું હોય છે. આદિવાસી વિકાસ યોજનાઓ ઇચ્છનીય પરિણામો પ્રાપ્ત કરવામાં સફળ રહી નથી. આદિવાસી વિસ્તારમાં ચાલતાં સરકારી કામો માટે લોકોનો અસંતોષ વધુ જોવા મળે છે. આદિવાસી સ્થળાંતર પામેલા શ્રમિકોને ઓછામાં ઓછી સગવડ પણ મળતી નથી. ઠેકેદારો શ્રમિકોને લાગુ

પડતા કાયદાનો અમલ કરતા નથી. આદિવાસી શ્રમિકોને લઘુતમ વેતન, સરકારી મજૂર અધિકારી વગેરેની પણ જાણકારીનો અભાવ જોવા મળે છે.

## ૫. કાર્યયોજના:

સામાન્ય રીતે એવું કહેવાય છે કે, વિકાસ કાર્યક્રમો માટે જે રકમ ફાળવવામાં આવે છે તે મોટે ભાગે મકાન બનાવવામાં, સાધન સામગ્રી ખરીદવામાં કે વહીવટીય ખર્ચમાં વપરાઈ જાય છે. પરંતુ આ આદિવાસી દર્શનના ભાગ રૂપે આદિવાસીઓને સીધો જ લાભ થાય અને તેમની ક્ષમતા વિકસે તેવા કાર્યક્રમોને અગ્રીમતા આપવામાં આવશે.

કાર્યયોજનાને આપણે પાંચ ભાગ માં વહેંચીશું.

૧) આદિવાસીઓ અને જંગલના વિકાસ માટે કાર્યલક્ષી યોજના
૨) આદિવાસી શિક્ષણ માટે કાર્યયોજના
૩) આદિવાસી સંસ્કૃતિ અને ક્ષમતા નિર્માણ સંબંધી પગલાંસૂચક યોજના
૪) ખેતી અને સંબંધિત પ્રવૃત્તિ અંગેની યોજના
૫) કામદારો અને રોજગારી સબંધી કાર્યયોજના

### ૧) આદિવાસીઓ અને જંગલના વિકાસ માટે કાર્યલક્ષી યોજના:

- જંગલના આદિવાસીઓની અને જંગલખાતાની ૫૦-૫૦ ટકાની ભાગીદારી રહેશે. જંગલની જે આવક થાય તેના ૫૦ ટકા આદિવાસીઓના કલ્યાણ માટે વપરાશે.
- આદિવાસીઓના કબજાવાળી જગા આદિવાસીઓને જ મળે.
- વનોનું નિકંદન નીકળી રહ્યું છે ત્યાં આદિવાસીઓની સહાયથી વૃક્ષારોપણના કાર્યક્રમ યોજવા.
- જંગલના વિસ્તારોમાં સંકલિત યોજના દ્વારા ગૃહ ઉદ્યોગ ચાલુ થશે જેથી રોજગારી મળે અને સ્થળાંતર અટકાવી શકાય.
- અન્ય રાજ્યોની જેમ ગુજરાત રાજ્યમાં પણ જે જમીન આદિવાસી વિમુખ કરી હોય તે ફરીથી આદિવાસી ને જ મળે તેવી જોગવાઈ કરવી.
- આદિવાસી વસવાટ વાળા વિસ્તારોમાં જો કોઈ બિન આદિવાસી જમીન ધરાવતો હોય તો તેમને ભૂતકાળમાં આદિવાસી પાસેથી જમીન ફેરબદલી કરાવી હશે એવી ધારણા કરી આદિવાસીને જમીન પરત આપવી અગર તો પોતાની જમીન છે તેના નક્કર પુરાવા રજુ કરવાના રેહશે.

- આદીવાસીઓ ગણોતધારા મુજબ જમીનના અગાઉના માલિકોને ખરીદીના મૂલ્યના હપ્તા ચૂકવી શક્યા નથી. આદિવાસીઓને ગુમાવવી પડે તે જગ્યાનું પૂરેપૂરું વળતર મળી રહે તે માટે સંપાદન કરવામાં આવેલી જમીન જેટલા રૂપિયા નહી ચુકવતા જમીન ને બદલે જમીન જ આપવી જોઈએ .
- સંપાદિત જમીનની વળતરની રકમ ઓછી હોય છે. જેનાથી અન્ય જગ્યાએ જમીન લઇ શકાતી નથી. એટલે તેને જમીનની જગ્યાએ જમીન જ મળવી જોઈએ.

**૨) આદિવાસી શિક્ષણ માટે કાર્યયોજના:**

- દરેક બાળકને ૨ કિ.મી. વિસ્તારની અંદર પ્રાથમિક શાળાની સુવિધા મળવી જોઈએ.
- ખાનગીકરણ થવું જોઈએ પણ વ્યાપારીકરણ ન થવું જોઈએ.
- શિક્ષણ અને તાલીમ માટે દરેક જીલ્લામાંથી દરેક શિક્ષકોને પણ તાલીમ આપવી જોઈએ.
- શાળામાં નામ નોંધાવતી વખતે જન્મતારીખના સર્ટીફીકેટની જરૂરિયાત રેહશે નહિ.
- શાળા પ્રવેશોત્સવ અને મધ્યાહન ભોજન યોગ્ય રીતે થવું જોઈએ.
- અલગ અલગ જૂથો માટે ખાસ વ્યવસ્થા રાખવી જોઈએ. દા.ત. આશ્રમશાળા, સ્થળાંતરિત માટે ફરતી શાળા, નાના વર્ગ માટે એક શિક્ષક કે એક વર્ગ વાળી ઉપશાળા ની જોગવાઈ કરવી.
- ધોરણ ૧ થી ૭ સુધીનું શિક્ષણ એકજ શાળામાં મળી રહે તેવું આયોજન કરવું.
- શૌચાલયની વ્યવસ્થા દરેક શાળામાં હોવી જોઈએ. શિક્ષકો સ્થાનિક ભાષાના જાણકાર હોવા જોઈએ જેથી બાળકોને વધુ ખ્યાલ આવે. સ્થાનિક શિક્ષકો ન હોય તો બહારના શિક્ષકો માટે રહેવાની વ્યવસ્થા કરવી જોઈએ.
- શાળામાં આદિવાસી સંસ્કૃતિનું પણ શિક્ષણ આપવામાં આવે તેમજ જરૂર જણાય ત્યાં ધાર્મિક નેતાઓનો પણ ઉપયોગ કરી શકાય.
- આદિવાસી વિસ્તારમાં આવેલી શાળાઓની અલગથી લાઈબ્રેરી હોવી જોઈએ જેથી વિદ્યાર્થીઓને એનો લાભ મળી શકે.
- સરકાર દ્વારા ચાલતી સંસ્થાઓને અથવા સરકારી ભંડોળ લેતી સંસ્થાઓ મારફતે સંશોધન કાર્યક્રમો ઘડી કાઢવા જોઈએ.
- ૨૦૧૧ ની વસ્તી ગણતરી મુજબ આદિવાસીઓમાં સાક્ષરતા દર ૬૨.૫ % છે. જેમાં પુરુષો નો સાક્ષરતા દર ૭૧.૭ % અને મહિલાઓનો સાક્ષરતા દર ૫૩.૨ % છે. જે જોતાં સાક્ષરતા દર વધે તે માટે સંશોધન કરી કાર્યક્રમો ઘડી કાઢવા જોઈએ.

**૩) આદિવાસી સંસ્કૃતિ અને ક્ષમતા નિર્માણ સબંધી પગલાં સૂચક યોજના:**

- સંસ્કૃતિ અને ક્ષમતા નિર્માણ એકબીજામાં ભળેલા છે. આદિવાસી વિકાસ ત્યારે જ શક્ય બને જયારે આદિવાસી એમાં સામેલ થાય. આદિવાસીઓની સંગઠિતતા દ્વારા ક્ષમતાનું નિર્માણ થાય છે.
- દબાયેલા લોકોનું શિક્ષણમાં શિક્ષક ભણાવે અને વિદ્યાર્થી શીખી જાય એ શક્ય નથી. પરંતુ શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે સંચેતના ભર્યો સંવાદ જરૂરી છે. જે સામાન્ય રીતે સમાન ભાષા, સમાન પ્રતિક વગેરેમાં સહભાગી થવાય છે.
- જો શિક્ષક બિનઆદીવાસી હોય તો તેણે વિદ્યાર્થીઓના અજ્ઞાન ને જ આગળ બતાવ્યા નહિ કરવું જોઈએ પરંતુ આદિવાસીની સંસ્કૃતિ, ભાષાને ધ્યાનમાં લઇ નમ્રતાથી શિક્ષણ પીરસવું જોઈએ.
- પંચાયતી રાજની સંસ્થાઓનું સારી રીતે સંચાલન થાય તે માટે તાલીમ આપવી જરૂરી છે. ગુજરાતમાં તમામ ચૂંટાયેલા પ્રતિનિધિઓને તાલીમ આપવાથી ઘણો સુધારો આવશે. પરંપરાગત આદિવાસી ગ્રામ સમિતિ એકલે હાથે ગામમાં શાંતિ સ્થાપવા માટે સક્ષમ હોય છે. પરંતુ વિકાસ માટેની પ્રવૃત્તિને પ્રોત્સાહન મળે તે માટે વાતાવરણ જરૂરી છે. જેનાથી આદિવાસીઓના પરંપરાગત ધારાધોરણો અને રાજ્ય નિર્મિત નીતિનિયમોનું સમન્વય કરીને વિકાસનો વેગ પકડી શકાય.
- ગ્રામસભામાં સાંસ્કૃતિક વારસો જળવાય રહે તેનું ધ્યાન રાખવાનું રહેશે. સામાજિક વિકાસ ને લગતા લાભાર્થીઓને ઓળખી કાર્યક્રમો આપવા.
- આદિવાસી ભૂમિ વિમુખતા અટકાવવાની તેમજ તેમને જમીન પરત અપાવવાની કાર્યવાહી કરવી. આદિવાસીઓને નાણા ધીરનાર ઉપર નિયંત્રણ રાખવું.
- આદિવાસી મહિલાઓના ક્ષમતા નિર્માણ માં કાર્યયોજના જેવી કે, સાલ વૃક્ષના પાંદડાના પડિયા બનાવવા, દોરડા બનાવવા, કરિયાણાની દુકાન, કપડાની દુકાન, સીવણ કામ વગેરેને પ્રોત્સાહન આપવું. કૃષિ મુલ્યાંકન કાર્યક્રમોમાં કેળા-બટાટાની વેફર, ખારી સિંગ, તેલ ધાણી, સાબુ બનાવવા વગેરે કાર્યક્રમ ગોઠવી તાલીમ આપવી.
- સ્ત્રી-પુરુષો વચ્ચે ભેદભાવો રાખવા નહિ. આદિવાસીઓના કલ્યાણ માટે સ્વૈચ્છિક સંસ્થાઓ કે સંગઠનોને આગળ આવવા માટે પ્રોત્સાહિત કરવા જોઈએ.

**૪) ખેતી અને આનુષંગિક પ્રવૃત્તિ અંગેની કાર્યયોજના:**

- ખેતી એ આદિવાસીઓની મુખ્ય આર્થિક પ્રવૃત્તિ છે, ગતિશીલ ખેતી બનાવવા માટે સિંચાઈને અગ્રીમતા આપી ચોમાસાના પાણીનો સંગ્રહ થાય તેવું આયોજન કરવું.
- નવીન બિયારણ અને ખાતરના પ્રયોગો આદિવાસી વિસ્તારમાં હાથ ધરવા, જરૂર જણાય ત્યાં ટૂંકા ગાળાનું ધિરાણ કરવું.
- ખેતીની સાથે પશુપાલન પણ સંલગ્ન વિભાગ કહેવાય. તેમાં પણ પશુઓને લગતી ખેત પેદાશોનો વિકાસ કરવો.
- આદિવાસી યુવાનોને આધુનિક ખેતીવાડીની તાલીમ આપવામાં આવે, એ.પી.એમ.સી.દરેક આદિવાસી તાલુકામાં સ્થાપવામાં આવશે.

**૫) કામદારો અને રોજગારી સંબંધી કાર્યયોજના:**

- કામદારોને રોજગારી ની તક મળવી જોઈએ અને બીજી બાજુ કામદારોને લગતા કાયદાનું પાલન કરાવી શોષણ અટકાવવું જોઈએ. આદિવાસીઓની કામદાર સમસ્યા ઓછી કરવા કે નિરાકરણ કરવા નીચે મુજબ પગલા ભરવા જોઈએ.
- આદિવાસીઓ ખેતી સાથે સંકળાયેલા છે એમની ઉત્તમ ખેતી થાય તે માટે સિંચાઈ યોજના, બિયારણ, જંતુનાશક દવાઓ, ખેડૂતોને તાલીમ વગેરે દિશામાં અસરકારક પગલાં લેવાં અનિવાર્ય છે.
- જંગલ સાથે આદિવાસીઓનો ગાઢ સંબંધ રહ્યો છે. બ્રિટીશરોના આગમન બાદ તેમાં થોડો ઘટાડો જોવા મળ્યો છે. પ્રાકૃતિક જંગલો ફરીથી સજીવન કરવાં હોય તો આદિવાસીઓને આ કામમાં સામેલ કરવા પડે. જેનાથી રોજગારીની તક ઉભી થશે અને સ્થળાંતર કરતા લોકો અટકી જશે. જંગલનું સંરક્ષણ પણ થશે અને પ્રાકૃતિક જંગલનો વિકાસ થશે.
- આદિવાસીઓને ગૃહઉદ્યોગ કે ગ્રામોદ્યોગ પોતાના વિસ્તારમાં જ પુરા વેતનથી મળી રહે તો એણે બીજે સ્થળે જવાની જરૂર નથી.
- સરકારે જે ઉદ્દેશો નક્કી કરી વિકાસ કાર્યક્રમો આપ્યા છે તેમાં બિન આદિવાસી વિસ્તારોમાં જે સફળતા મળી તે આદિવાસી વિસ્તારમાં મળી નથી. આવા કાર્યક્રમોની અમલ કરવાની રીતમાં ફેરફાર કરવો પડે. અને આદિવાસીઓ પાસે જે કળા છે તેને ધ્યાનમાં રાખીને યોજનાઓ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવું.
- આદિવાસીઓને માથે દેવું/કરજ વધુ હોય છે. જેના કારણે તે સ્થળાંતર કરવા પ્રેરાય છે. સામાન્ય રીતે લગ્ન, ઘરઘથ્થું વસ્તુઓ, ઘાસચારો વગેરે જેવી બાબતોને લઈને રૂપિયાની

જરૂર પડે તો શરાફ કે ખાનગી પેઢી પાસેથી લઈને દેવું કરે છે. જ્યાં તેમનું શોષણ થાય છે. જે બાબતે હકીકત તપાસવી જોઈએ અને સરકારી રીતે ધિરાણ મળે તેવું આયોજન કરવું જોઈએ.

- આદિવાસી વિસ્તારમાં રોજગારીની તકો વધારવાથી અને રોજગારના સ્થળે કામદારનું હિત જોવામાં આવે તો સ્થળાંતર અટકી શકે. સાથે સાથે રોજગારીની તાલીમ પણ અપાય જેથી રોજગારી પ્રત્યે સભાન રહે. તેમજ લઘુતમ વેતનના કાયદાનું પાલન થાય તે પણ જોવાનું રહે.
- કામદારોની ફરિયાદ લેવા માટે ફરિયાદ કેન્દ્રો પણ ઉભા કરાય. ઔદ્યોગીકરણ ને કારણે કુશળ કારીગરોની માંગ પણ વધી. જેના માટે દરેક આદિવાસી વિસ્તારમાં ઔદ્યોગિક તાલીમ કેન્દ્રો ની સ્થાપના કરી વધુમાં વધુ યુવાધનને રોજગારી મળી શકે. જેમાં વિદ્યુત, ફિટર, વેલ્ડર, મિકેનિક, વગેરે જેવા અભ્યાસક્રમોમાં તાલીમ આપવામાં આવે. આદિવાસીઓને રોજગારી કે સ્વરોજગારી માટે પ્રોત્સાહિત કરતી કાર્યશાળાઓ યોજવી જોઈએ. આ તાલીમ સંસ્થાઓ જે યુવાનો ને જંગલ અને ખેતી ને અનુરૂપ તાલીમ આપવામાં આવે જેથી રોજગારી ક્ષેત્રે વિકાસ થઇ શકે.

## ૬. સંદર્ભસૂચિ:


૧) આદિજાતિ વિકાસ વિભાગ, સને ૨૦૨૧-૨૦૨૨- અંદાજપત્ર, પ્રકાશન ન.૫૫.

૨) સામાજિક આર્થિક સમિક્ષા, ૨૦૨૦-૨૦૨૧-અંદાજપત્ર, પ્રકાશન ન.૩૪.

૩) વિદ્યુત જોષી, 'આદિવાસી વિકાસ દર્શન'. આદિવાસી સંશોધન અને તાલીમ સંસ્થાન, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

૪) ગુજરાત આદિજાતિ સર્વસંગ્રહ, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

૫) ગુજરાત આદિજાતિ વિકાસ વિભાગ, વેબસાઈટ.

૭) Website: http://tribal.gujarat.gov.in/home

૮) Tribal development in Gujarat, presentation to Hon'ble Governor.

૯) વનબંધુ કલ્યાણ યોજના- ૧, ૨૦૦૭ થી ૨૦૨૧ સુધીની સિદ્ધિઓ, આદિજાતિ વિકાસ વિભાગ, ગાંધીનગર.

૧૦) આદિલોક, આદિવાસી અસ્મિતા, અખંડિતતા અને અધિકારને સમર્પિત સામયિક.

૧૧) Ministry of Tribal, tribal.nic.in

૧૨) National Education Society for Tribal Students, http://emrs.tribal.gov.in

૧૩) IOSR Journal of Economics and Finance (IOSR- JEF), Evaluation of The Composition of Developmental Assistance: A Case Study of Tribal Regions in Gujarat. (India)